

# 25 મુક્ત હસ્ત રેખાંકન (કૅલિગ્રાફિ)

**હેતુ :** વિવિધ પ્રકારની રેખાઓના ઉપયોગથી ચિત્રસર્જન કરી શકાય છે. એટલે રેખાઓનો ઉપયોગ કઈ રીતે કરવો, કઈ રેખાનો ઉપયોગ કયાં કરવો તેની સૂઝ મુક્ત હસ્ત રેખાંકન (કૅલિગ્રાફિ) દ્વારા કેળવાય છે. રેખાઓના કેટલાક પ્રકાર છે. જે જાણવા જરૂરી છે. રેખાઓના પ્રકાર નીચે મુજબ છે :


1. ઊભી રેખા :(|)




4. ગુણક રેખા : (x)




2. આડી રેખા :(—)




5. તૂટક રેખા : (---)



3. ત્રાંસી રેખા : (\)



6. વમળ રેખા :(〰)





આવી રેખાઓ જાડી કે પાતળી બનાવીને વિવિધ પ્રકારનાં ચિત્રોનું સર્જન થઈ શકે છે. રેખાઓના આલેખન દ્વારા હાથને તાલીમ મળે તે હેતુસર રેખાઓ અને મુક્ત હસ્ત રેખાંકન (કૅલિગ્રાફિ)નો મહાવરો અત્યંત જરૂરી છે.

**સાધનો :** પેન્સિલ, રબર, કંપાસપેટીનાં સાધનો.

અહીં મુક્તહસ્ત રેખાંકન (કૅલિગ્રાફિ) અને વિવિધ રેખાઓ વડે તૈયાર કરેલા નમૂનાનાં ચિત્રો છાપ્યાં છે. નિરીક્ષણ કરીને તમને આપવામાં આવેલા ડ્રોઇંગ કાગળમાં તમારા કલા શિક્ષકની સૂચના મુજબ મુક્તહસ્ત રેખાંકન(કૅલિગ્રાફ) તૈયાર કરો.

**કાર્ય :** ચિત્રપોથીના એક પેઇઝના ચાર ભાગ પાડી દર્શાવ્યા મુજબના આકારો દોરી નમુના મુજબની કૅલિગ્રાફિ પેન્સિલ વડે દોરો.





**કાર્ય :** ચિત્રપોથીના એક પેઈઝમાં અહીં દર્શાવેલ નમૂનામાંથી પસંદ કરી યોગ્ય માપ રાખી સ્કેચપેનની મદદથી કેલીગ્રાફી કરો.

